Saarth E-Journal

**Saarth** E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X | Impact Factor
Peer Reviewed | Quarterly
Vol.8 No.18 | July-Aug-Sep 2023

# ગુજરાત સોલર પાર્કનો સામાજિક - આર્થિક અભ્યાસ (પાટણ જિલ્લાના ચારણકા ગામના સંદર્ભમાં)

**ભોજક ધરતીબેન મનોજકુમાર**

**સારાંશ**

ગુજરાત સરકાર સ્વચ્છ અને ગ્રીન ઉર્જા ઉત્પન્ન કરવા માટે, નવી ઉર્જાઓની પરિયોજનાઓમાં સાહસિક અને ઝડપી પ્રારંભ કરવા માટે વખણાય છે. ગુજરાત સરકારે એશિયાનો વિશાળ "'ગુજરાત સોલાર પાર્ક"જળવાયુ પરિવર્તનની અસર ઓછી કરવા અને માત્ર આપણાં દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સોલાર સેકટરને ધબકતું અને જીવંત બનાવીને આપણ ભાવિ પેઢીના પર્યાવરણના રક્ષણ માટે શરુ કર્યો છે. ૫૯૦ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાર્ક ગુજરાતમાં પાટણ જીલ્લામાં ચારણકા ગામ ખાતે ૫૩૮૪ એકર બિનવપરાશી જમીનમાં આવેલ છે. સંકલિત સોલાર પાર્ક ખાતે પાણી સંગ્રહ ઉપરાંત ઘરઆંગણે વીજળી પૂરી પાડવાની પૂર્વ જરુરી સગવડો છે. આ સોલાર પાર્કથી ૩,૪૨,૪૦૦ ટન કાર્બન એમીશન રીડકશન્સ (સીઇઆરએસ) થાય છે, જે રીન્યુએબલ એનર્જી સેકટરમાં સીઇઆરએસમાં મોટામાં મોટું પ્રદાન કરતી પરિયોજના છે. પ્રસ્તુત અભ્યાસમાં આ સોલાર પાર્કને લીધે પાટણ જીલ્લાના ચારણકા ગામમાં આર્થિક – સામાજિક અસરો તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ચાવીરૂપ શબ્દો: સોલાર,સામાજિક, આર્થિક, વિકાસ, જળવાયુ

**પ્રસ્તાવના**

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ- જીપીસીએલ એ ગુજરાતમાં સોલાર પાર્કના વિકાસ માટેની કેન્દ્રવર્તી સંસ્થા છે. ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ- જીપીસીએલ એ ગુજરાતમાં સોલાર પાર્કના વિકાસ માટેની કેન્દ્રવર્તી સંસ્થા છે. ગુજરાત સરકાર સ્વચ્છ અને ગ્રીન ઉર્જા ઉત્પન્ન કરવા માટે, નવી ઉર્જાઓની પરિયોજનાઓમાં સાહસિક અને ઝડપી પ્રારંભ કરવા માટે વખણાય છે. જીપીસીએલએ એશિયાનો વિશાળ "'ગુજરાત સોલાર પાર્ક"જળવાયુ પરિવર્તનની અસર ઓછી કરવા અને માત્ર આપણાં દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સોલાર સેકટરને ધબકતું અને જીવંત બનાવીને આપણ ભાવિ પેઢીના પર્યાવરણના રક્ષણ માટે શરુ કર્યો છે. ૫૯૦ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાર્ક ગુજરાતમાં પાટણ જીલ્લામાં ચારણકા ગામ ખાતે ૫૩૮૪ એકર બિનવપરાશી જમીનમાં આવેલ છે. સંકલિત સોલાર પાર્ક ખાતે પાણી સંગ્રહ ઉપરાંત ઘરઆંગણે વીજળી પૂરી પાડવાની પૂર્વ જરુરી સગવડો છે. સોલાર પરિયોજનાની ૨૨૪ મેગાવોટની સ્થાપિત ક્ષમતા ૨૦ ડેવલપર્સથી શરુ કરવામાં આવી છે. આ વર્ષના અંત સુધીમાં બીજી ૫૦ મેગાવોટ ક્ષમતા વધારવામાં આવશે. આ રીતે ૨૭૪ મેગાવોટ ક્ષમતા દાખલ કરીને ભારતમાં ઉત્પન્ન કરવામાં આવતી કુલ સૌર ઉર્જાના ૨૫ ટકા જેટલું ઉત્પાદન કર્યું છે. સોલાર પાર્ક પાસે વીન્ડ પાવરની ૧૦૦ મેગાવોટ ઉત્પન્ન કરવાની ક્ષમતા છે અને બે વીન્ડ મીલ (પવનચકકી) દરેક થકી ૨.૧ મેગાવોટ વીજ ઉત્પાદન શરુ કરવામાં આવેલ છે. આ વિશ્વનો મોટામાં મોટો સોલાર-વીન્ડ હાઇબ્રીડ પાર્ક છે. આ સોલાર પાર્કથી ૩,૪૨,૪૦૦ ટન કાર્બન એમીશન રીડકશન્સ (સીઇઆરએસ) થાય છે, જે રીન્યુએબલ એનર્જી સેકટરમાં સીઇઆરએસમાં મોટામાં મોટું પ્રદાન કરતી પરિયોજના છે.

'સોલાર પાર્ક' વિકસાવવાનો ખર્ચ રુ. ૪૫૦૦ કરોડ હતો, જેમાં ૫૫૦ કરોડ પૂર્વ જરુરીયાત સગવડો અને જમીન સંપાદન માટે અને રુ. ૩,૯૯૬ કરોડ સોલાર પાવર પ્લાન્ટ (ડેવલપર્સ ઇન્વેસ્ટમેન્ટ) માટે હતો. વધુમાં, ૧૦૦૦ થી વધુ લોકો માટે કાયમી ધોરણે રોજગારી ઉભી થશે. પરિયોજનાની શરુઆત તા. ૩૦/૧૨/૨૦૧૦ના રોજ કરવામાં આવી અને પ્લાન્ટ તા. ૩૧/૧૨/૨૦૧૧ના શરુ કર્યો હતો અને તા. ૧૯/૪/૨૦૧૨ના રોજ માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા રાષ્ટ્રને

ઔપચારિકરીતે સમર્પિત કરવામાં આવ્યો હતો. 'ગુજરાત સોલાર પાર્ક' સોલાર એનર્જી સેકટરમાં ખાસ નવીન પરિયોજનાઓમાંનો એક જ સ્થળે આવેલા અને વિશાળ પાયે સોલાર પાવર ઉત્પન્ન કરતા એકમો ધરાવતો પાર્ક છે, પરિણામે નિભાવ ખર્ચ (૪૦ ટકા) ઓછું થાય છે અને સોલાર પાવર પરિયોજનાઓનો વિશાળ વિકાસ માર્ગ તૈયાર કરવામાં સહાયરુપ બનવા સોલાર શુલ્કને ઓછું કરતો પાર્ક છે. કેટલાંક પડકારો અને મુશ્કેલીઓ હોવા છતાં, જીપીસીએલ એ શરુ કરેલ આ નવતર પાર્ક ઓછા સમયમાં ઉચ્ચ મુલ્ય ધરાવતી જટીલ પરિયોજનાનું અમલીકરણ કરવાના તેનાં કૌશલ્યને પ્રદર્શિત કરે છે. પરિયોજનાઓ સાથે જ સોલાર પાવરના રુપાંતરમાં સેકટરનું દ્રશ્ય બદલી નાખવામાં મોટો ફાળો આપ્યો છે. તેણે ભારતને સાચા અર્થમાં વિશ્વનું સૌર પાટનગર (સોલાર કેપીટલ) બનાવી ગૌરવ અપાવ્યું છે.

**અભ્યાસના હેતુઓ**

- ગુજરાતમાં સૌર ઊર્જાના મહત્વનો અભ્યાસ કરવો.
- પાટણ જીલ્લાના ચારણકા ગામમાં સોલાર પાર્કની સામાજિક અસર તપાસવી.
- પાટણ જીલ્લાના ચારણકા ગામમાં સોલાર પાર્કની આર્થિક અસર તપાસવી.

**અભ્યાસની પરકલ્પના**

- સોલાર પાર્કની પાટણ જીલ્લાના ચારણકા ગામમાં વિપરીત આર્થિક અસર જોવામળે છે.
- સોલાર પાર્કની પાટણ જીલ્લાના ચારણકા ગામમાં વિપરીત આર્થિક અસર જોવામળે છે.
- સોલાર પાર્કથી પાટણ જીલ્લાના ચારણકા ગામના ખેડૂતોને કોઈ જ ફાયદો થયો નથી.
- સોલાર પાર્કથી પાટણ જીલ્લાના ચારણકા ગામના ખેડૂતોને વીજળીની સવલત પ્રાપ્ય થઈ નથી.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણમાહિતીના આધારે માહિતી એકત્રિત કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક માહિતી અંતર્ગત પાટણ જીલ્લાના ચારણકા ગામના ખેડૂતોની રૂબરૂ મુલાકાત લઈને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે. જ્યારે ગૌણ માહિતી એ સંશોધન અભ્યાસ અંતર્ગત સામાયિક, વર્તમાનપત્રો, સંદર્ભો અને ઇન્ટરનેટના માધ્યમ દ્વારા એકત્રિત કરવામાં આવી છે.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત અભ્યાસ પાટણ જિલ્લાના ચારણકા ગામના ખેડૂતો પર કરવામાં આવ્યો છે. ચારણકા ગામના ખેતીક્ષેત્રે સંકળાયેલા ૩૦ખેડૂતોને યદચ્છ નિર્દેશન પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા છે. પસંદ કરેલા ખેડૂતો પાસેથી પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી સ્વરૂપે રૂબરૂ મુલાકાત લઈને એકત્રિત કરવામાં આવી છે. એકત્રિત કરેલ માહિતીનું પૃથ્થકરણ કરી તેનાં તારણો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. જે ભાવિસંશોધન માટે માર્ગદર્શક બની રહેશે.


## માહિતીનું વર્ગીકરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ખેડૂત ઉત્તરદાતાની ઉંમર | ૧૮ થી ૩૦ વર્ષ | ૩૧ થી ૪૫ વર્ષ | ૪૫ કરતાં વધારે |
| | | **૨૦%** | **૪૨%** | **૨૮%** |
| ૨. | ખેડૂત ઉત્તરદાતામાં વૈવાહિક દરજ્જાનું પ્રમાણ | અપરણિત | પરણિત | વિધુર / લગ્ન વિચ્છેદ |
| | | ૩૮% | ૪૪% | ૧૮% |
| ૩. | ખેડૂત ઉત્તરદાતામાં શિક્ષણનું પ્રમાણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ.માધ્ય..(કોલેજ) |
| | | **૪૫%** | **૩૩%** | **૨૨%** |
| ૫. | ખેડૂતના કુટુંબનો પ્રકાર | વિભક્ત કુટુંબ | અવિભક્ત કુટુંબ | |
| | | **૬૮%** | **૩૨%** | |


| | | | | |
|---|---|---|---|---|
| ૬. | ખેડૂત ઉત્તરદાતાના મકાનનો પ્રકાર | પાકું ધાબાવાળું | માટીનું | ઝૂંપડી |
| | | ૯૮% | ૨% | ૦% |
| ૭. | ખેડૂત ઉત્તરદાતાના મકાનનું સ્વરૂપ | ભાડાનું | માલિકીનું | |
| | | ૫% | ૯૫% | |
| ૮. | ખેતીકાર્ય કઈ ઋતુમાં થાય છે? | ઉનાળામાં | ચોમાસામાં | બારેમાસ |
| | | ૦% | ૯૪% | ૬% |
| ૯. | ખેડૂતના પરિવારના સભ્યોની વિગત | ૧ થી ૩ | ૪ થી ૭ | ૭ થી વધુ |
| | | ૪૧% | ૪૭% | ૧૨% |
| ૧૦. | ખેતી કેટલા સમય થી કરે છો? | ૧ થી ૯ વર્ષ | ૧૦ થી ૨૦ વર્ષ | ૨૦ વર્ષથી વધારે |
| | | ૨૩% | ૫૨% | ૨૫% |
| ૧૧. | ખેડૂતોને પ્રાપ્ત થતી વાર્ષિક આવકનું પ્રમાણ | ૧,૫૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦ રૂ. | ૩,૦૦,૦૦૧ થી ૭,૦૦,૦૦૦ રૂ. | ૭,૦૦,૦૦૦ થી વધારે |
| | | ૨૭% | ૬૩% | ૧૦% |
| ૧૨. | ખેડૂતો બચત કરી શકે છે? | ના | હા | |
| | | ૫૩% | ૪૭% | |
| ૧૮. | ખેડૂતોમાં બચત ન થવાના કારણો | મર્યાદીત આવકને કારણે | અન્ય કારણો | |
| | | 76% | ૨૪% | |
| ૧૯. | ખેડૂતોમાં બચતના સ્ત્રોત | સહકારી મંડળીમાં | અન્ય | |
| | | ૪૯% | ૫૧% | |
| ૨૦. | સોલાર યંત્રોના વપરાશથી ખેતીથતાં ફાયદા અંગેના અભિપ્રાય | ફાયદો થયો | ફાયદો નથી થયો | |
| | | ૯૭% | ૩% | |
| ૨૧. | ખેતી માટે વીજળીની પ્રાપ્યતા વધી છે? | હા | ના | |
| | | ૯૪% | ૬% | |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | સોલાર યંત્રોની મદદથી ખેતી માટે બીજ સાચવણી વધુ સુલભ બની છે. | હા | ના |
| | | ૮૮% | ૧૨% |
| ૨૩. | સોલાર યંત્રોની મદદથી ખેત ઉપજની સુકવણી સુલભ બની છે. | હા | ના |
| | | ૯૧% | ૯% |
| ૨૪. | સોલાર યંત્રોની મદદથી કૂવાના પાણીનો ખર્ચ ઓછો થયો છે. | હા | ના |
| | | ૯૩% | ૭% |
| ૨૫. | સોલાર યંત્રોની મદદથી સોલાર શીતગૃહમાં ઉપજની જાળવણી વધુ સુલભ અને સસ્તી બની છે. | હા | ના |
| | | ૯૬% | ૪% |

## તારણો




ઉપરોક્ત માહિતીનું પુથ્થકરણ કરતાં પ્રાપ્ત થયેલ વિગતો મુજબ ૧૮ થી ૩૦ વરસ વય જૂથના ખેડૂત ૨૦% છે,૩૧ થી ૪૫ વરસ વય જૂથના ખેડૂત ૪૨% છે અને ૪૫ થી વધુ વરસ વય જૂથના ખેડૂત૨૮% છે. ૩૮% ખેડૂત અપરણિત છે,૪૪% પરણિત છે અને ૧૮% વિધુર કે ત્યજીત છે. ૪૫% ખેડૂતએ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું છે,૩૩% એ માધ્યમિક અને ૨૨% ખેડૂત સ્નાતક થયેલા છે. ૯૮% ખેડૂતપાકા ધાબાવાળા મકાનમાં રહે છે,૨% કાચા મકાનમાં રહે છે.૯૪% ખેડૂત ચોમાસામાં ખેતી કરે છે અને ૬% બારેમાસ ખેતી કરે છે.



ઉપરોક્ત માહિતીનું પુથ્થકરણ કરતાં પ્રાપ્ત થયેલ વિગતો મુજબ ૬૮% ખેડૂત વિભક્ત કુટુંબમાં અને ૩૨% અવિભક્ત કુટુંબમાં રહે છે, ૯૫% ખેડૂત પોતાનું મકાન ધરાવે અને ૫% ભાડાના મકાનમાં રહે છે, ૫૩% ખેડૂત બચત કરી શકતા નથી અને ૪૭% બચત કરી શકે છે, ૫૩% ખેડૂત બચત કરી શકતા નથી અને ૪૭% બચત કરી શકે છે, ૭૬% ખેડૂત મર્યાદિત આવકને લીધે બચત કરી શકતા નથી અને ૨૪% અન્ય કારણોથી બચત કરી શકતા નથી, ૪૯% ખેડૂત સહકારી મંડળીમાં બચત કરે છે અને ૫૧% અન્ય સ્ત્રોતોમાં બચત કરે છે, ૯૭% ખેડૂતને સોલાર યંત્રોના ઉપયોગથી ફાયદો થયો છે અને ૩% ને ફાયદો નથી થયો, ૯૪% ખેડૂતને સોલારથીવીજળીની પ્રાપ્યતા વધી છે જ્યારે૬% ને ફાયદો નથી થયો, ૮૮% ખેડૂતને સોલારથી ખેતી માટે બીજ સાચવણી વધુ સુલભ બની છે જ્યારે ૧૨% ને ફાયદો નથી થયો, ૯૧% ખેડૂતને સોલારથી સોલાર યંત્રોની મદદથી ખેત ઉપજની સુકવણી સુલભ બની છે જ્યારે ૯% ને ફાયદો નથી થયો,૯૩% ખેડૂતને સોલાર યંત્રોની મદદથી કૂવાના પાણીનો ખર્ચ ઓછો થયો છે જ્યારે ૭% ને ફાયદો નથી થયો અને ૯૬% ખેડૂતને સોલાર યંત્રોની મદદથી સોલાર શીતગૃહમાં ઊપજની જાળવણી વધુ સુલભ અને સસ્તી બની છે જ્યારે ૪% ને ફાયદો નથી થયો.

## તારણોની વિસ્તૃત ચર્ચા

### આર્થિક - સામાજિક સમસ્યાઓ

આપણા દેશમાં મોટા વિશાળ સોલાર પાર્ક વધુને વધુ લોકપ્રિય બન્યા છે – વાસ્તવમાં, આપણી સરકાર આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે આ એકમાત્ર રસ્તો જુએ છે. સ્વાભાવિક છે કે દેશમાં મોટા પાયે મોટા સોલાર પાર્ક સ્થપાવાના છે. સરકાર સોલાર પાર્કને સરકાર એવી રીતે રજૂ કરે છે, જાણે કે તેનાથી સમાજ અને પર્યાવરણ પર કોઈ ખરાબ અસર ન થાય. સોલાર પાર્કને પર્યાવરણીય મંજૂરીની જરૂર નથી, દેખીતી રીતે પર્યાવરણ પર તેની અસરનો કોઈ અભ્યાસ કરવામાં આવ્યો નથી. બીજી બાજુ, મોટા ભાગના વિકસિત દેશોમાં પ્રોજેક્ટ્સની સામાજિક અસરનું મૂલ્યાંકન કરવામાં આવે છે, પરંતુ આપણા દેશમાં સામાજિક અસરો નજીવી અને ઓછી આંકવામાં આવે છે.તાજેતરના ઘણા અભ્યાસો સ્પષ્ટ કરે

છે કે જો સોલાર પાર્કની સ્થાપના અને સંચાલન કરતી વખતે પર્યાવરણ અને સમાજની અવગણના કરવામાં આવે તો ઘણી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

આપણે ઉયદાહરણ રૂપે કર્ણાટકના તુમકુર જિલ્લામાં સ્થિત પાવાગડા સોલર પાર્ક કે જે ૨મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક છે જે વર્ષ ૨૦૧૯માં કાર્યરત થયો હતો તેને સમજીએ. કેન્દ્ર અને રાજ્ય સરકારો આ સોલાર પાર્કને એક આદર્શ પ્રોજેક્ટ તરીકે વર્ણવી રહી છે, જે સ્થાનિક વસ્તીને ખુશ કરશે, સ્થાનિક વસ્તીમાં બેરોજગારીનો અંત લાવશે, સસ્તી વીજળી આપશે, આર્થિક સમૃદ્ધિ લાવી શકશે અને ૭૦મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનને અટકાવશે. દર વર્ષે વાતાવરણ કેટલીક બિન-સરકારી સામાજિક અને પર્યાવરણીય સંસ્થાઓએ આ સોલાર પાર્કનો વિગતવાર અભ્યાસ કર્યો છે અને તેની સામાજિક અને પર્યાવરણીય અસરોનું મૂલ્યાંકન કર્યું છે.

પાવાગડા સોલાર પાર્ક વિસ્તાર પ્રતિ ચોરસ મીટર વિસ્તારમાં ૫.૩૫ kWh સોલર પાવર પ્રદાન કરે છે, જે દેખીતી રીતે સૌર ઉર્જા માટે એક આદર્શ સ્થળ છે. આ પ્રોજેક્ટ માટે પાંચ ગામોના ખેડૂતોએ તેમની ૧૩૦૦૦એકર જમીન સ્વેચ્છાએ સોલાર પાવર કંપનીઓને લીઝ પર આપી છે. આ લીઝ ૨૧૦૦૦રૂપિયા પ્રતિ એકરના દરે આપવામાં આવી છે અને દર બે વર્ષમાં આ દરમાં પટકાનો વધારો કરવામાં આવશે. એક આદર્શ પરિસ્થિતિ પણ જોવામાં આવે છે અને સરકાર તેનો પ્રચાર પણ કરે છે અને સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસનો દાવો પણ કરે છે. જો આપણે તથ્યોને નજીકથી જોઈએ, તો તે સ્પષ્ટ થશે કે માત્ર તે ખેડૂતો જેઓ મોટી જમીનોના માલિક છે તેઓ જ નફામાં રહ્યાં છે, કારણ કે તેઓ તેમની જમીન લીઝ પર આપી શકે છે. પરંતુ, સામાન્ય રીતે, ગામમાં માત્ર થોડા જ ખેડૂતો પાસે પોતાની જમીન છે, જે ખેતી કરે છે, અને બાકીની ગામની વસ્તીમાં મજૂરોનો સમાવેશ થાય છે જેઓ ખેતરના ખેડૂતોની જમીન પર કામ કરીને પોતાનું જીવન નિર્વાહ કરે છે. દેખીતી રીતે, ખૂબ જ નાના ખેડૂતો અને ખેતમજૂરોને સોલાર પાર્કનો કોઈ ફાયદો નથી.

ખેત મજૂરો પર બેરોજગારીનો પ્રશ્ન ઉભો થયો છે કારણ કે હવે તે ખેતરોમાં સોલાર પેનલ ઉભી છે જેના પર તેઓ મજૂર તરીકે કામ કરતા હતા. આમાંના કેટલાક શ્રમિકોને સોલાર પાર્કમાં જ ઘાસ કાપવા, સોલાર પેનલ સાફ કરવા અને સિક્યોરિટી ગાર્ડની રોજગારી મળી છે, પરંતુ તેમની સંખ્યા ઘણી ઓછી છે. સામાજિક

વિકાસ સાથે સંકળાયેલી સંસ્થાઓનું કહેવું છે કે આવા પ્રોજેક્ટ સ્થાપતા પહેલા સમગ્ર વિસ્તારની વસ્તીનું વિગતવાર આર્થિક અને સામાજિક મૂલ્યાંકન કરવામાં આવે છે અને કૃષિ કામદારો અને વંચિત સમુદાયોને અગ્રતાના ધોરણે રોજગારીની તકો અને સુવિધાઓ આપવામાં આવે છે.પરંતુ આપણા દેશમાં, આવા પ્રોજેક્ટનો લાભ માત્ર મોટા જમીન માલિકો સુધી જ સીમિત છે. આ પ્રકારની યોજનાઓ સરકારની પ્રચાર પ્રણાલીનો ભાગ છે, પરંતુ તે કોઈપણ સ્થાનિક સમસ્યાનો ઉકેલ નથી. જમીનની માલિકી પરંપરાગત રીતે ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક અસમાનતાનું માપદંડ છે અને સોલાર પાર્ક જેવા પ્રોજેક્ટ આર્થિક અસમાનતાને વધુ ખરાબ કરી રહ્યા છે.

હવે આપણે ગુજરાતમાં પાટણ જીલ્લામાં ચારણકા ગામ ખાતે આવેલ સોલાર પાર્કની ચર્ચા કરીએ તો આ સોલાર પાર્ક સરકારી પડતર જમીન પર ઊભો કરવામાં આવ્યો છે માટે મોટા ખેડૂતોને ખેતીની જમીન લીઝ પર આપવાની કે તેના કારણે તેઓને અચાનક જ અઢળક પૈસા આવી જવાની કોઈજ શક્યતા ઊભી થતી નથી તેથી આ ખેડૂતો પાસે અઢળક પૈસા આવી જશે અને આ પૈસાથી કેટલાક મોટા ખેડૂતો તોતિંગ વ્યાજે લોન આપવાનો ધંધો કર્ણાટકની જેમ શરૂ કરશે કે એ મૂડી થકી કોઈ બીજો ધંધો શરૂ કરશે તેવી કોઈજ શકયાતો નથી. હા, સોલાર પાર્ક પહેલા, આ વિસ્તારની પડતર જાહેર અને સરકારી જમીન પશુઓ માટે ગોચર તરીકે કામ કરતી હતી, પરંતુ હવે સોલાર પાર્કની અંદર ઢોરોને ચરાવવા પર પ્રતિબંધ છે. ઢોરને હવે ચરવા બીજે લઇ જવા પડે છે. પરંતુ ખેતી કરતાં ખેડૂતોને આ સોલાર પાર્ક થકી ખૂબ જ ફાયદા અવશ્ય થયા છે, જેની વિગતો આપણે અહી જોઈએ:

- ખેડૂતો વીજળીની પ્રાપ્યતા વધી છે
- વીજળીની પ્રાપ્યતા થકી ચોમાસુ ખેતી ઉપરાંત કૂવાના પાણી થકી ખેતી શક્ય બની છે.
- કૂવાના પાણી થકી ખેતી શક્ય બનતા ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ સુદ્રઢ બની છે.
- કૂવાના પાણી થકી ખેતી શક્ય બનતા ખેત મજૂરોને પણ વધુ રોજગારી પ્રાપ્ય બની છે.
- ખેત ઉપજ વધતાં ચારણકા ગામના લોકોને ખેત પેદાશો અને શાકભાજી બારેમાસ અને ઓછા ભાવે પ્રાપ્ય બન્યા છે.

- ખેત ઉપજ વધતાં ચારણકા ગામના લોકોને પશુપાલન ક્ષેત્રે પણ વધુ ઉપજ (જેવી કે દૂધ) પ્રાપ્ય બની છે.
- કૃષિ પેદાશની સુકવણી માટે સોલાર ડ્રાયર્સની સગવડતા પ્રાપ્ત થઈ છે.
- જમીનની માવજત હેતુ સોઇલ સોલરાઈઝેશનની સગવડતા પ્રાપ્ત થઈ છે.
- ખેત પેદાશો અને શાકભાજીના સંગ્રહ માટે સોલાર શીતગૃહ પ્રાપ્ય બન્યા છે.
- બીજની માવજત માટે સોલાર યંત્રો પ્રાપ્ય બન્યા છે.

ઉપર જણાવ્યા મુજબના આર્થિક ફાયદા ખેડૂતોને તથા ખેત મજૂરોને પ્રાપ્ય થયા છે જેના થકી ચારણકા ગામના લોકોના સામાજિક દરજ્જામાં પણ સુધારો જોવા મળ્યો છે અને આ સુધારાથી આકર્ષાયને અન્ય વિસ્તારના ખેડૂતો પણ એ ઇચ્છી રહ્યાં છે કે તેમના વિસ્તારમાં પણ આવા સોલાર પાર્ક સરકારશ્રી દ્વારા ઊભા કરવામાં આવે. હવે આપણે આ સોલાર પાર્કના ગેરફાયદાઓ તરફ નજર નાખીએ તો:

- ગૌચરની જમીન સોલાર પ્લાન્ટમાં વપરાતા ગામના પશુઓ માટે ગૌચરની જમીનની સમસ્યા સર્જાય છે.
- સોલાર પ્લાન્ટની સુવિધા મેળવવા માટે જરૂરી સોલાર પેનલો ખેડૂતોએ વસાવવી પડે છે જેનો પ્રાથમિક ખર્ચ ખૂબજ ઊંચો આવે છે.
- સોલાર યંત્રોના ઉપયોગ માટે સોલાર આધારિત યંત્રો અલગથી વસાવા પડે છે.
- સોલાર યંત્રો સૂર્ય પ્રકાશ પર આધારિત છે તેથી મૌસમ મુજબ ઉર્જા ઉત્પાદનમાં વધ-ઘટ જોવા મળે છે.
- મર્યાદિત એનર્જી સ્ટોરેજ વિકલ્પ પ્રાપ્ય છે.
- જટિલ સોલાર પેનલ પ્રસ્થાપિત પ્રક્રિયા.

**ઉપસંહાર**

સોલાર પ્લાન્ટની સૌર ઉર્જા સ્વચ્છ અને નવીનીકરણીય ઉર્જા સ્ત્રોત છે. જેના અસંખ્ય પર્યાવરણીય અને આર્થિક અને સામાજિક લાભો છે. જ્યારે સૌર ઉર્જાનો ઉપયોગ કરવા સાથે સંકળાયેલા કેટલાક પડકારો પણ છે, ત્યારે સૌર ટેકનોલોજીમાં પ્રગતિ અને સહાયક નીતિઓ અને નિયમો આ પડકારોનો સામનો કરવામાં મદદ કરી રહ્યા છે. જેમ જેમ સૌર ઉદ્યોગ સતત વિકાસ પામશે, તે વૈશ્વિક ઉર્જા બજારો પર નોંધપાત્ર અસર કરશે અને આપણને વધુ ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય

તરફ આગળ વધવામાં મદદ કરશે. પરંતુ પ્રાથમિક અસરો જોતાં ચારણકા ગામના લોકોના આર્થિક - સામાજિક દરજ્જામાં સોલાર પ્લાન્ટ થકી સુધારો જોવા મળ્યો છે.

## સંદર્ભ સૂચિ


1. https://cmogujarat.gov.in/wp-content/uploads/2023/01/20-Gujarat-Pakshik-16Oct22.pdf
2. https://myvedant.com/wp-content/uploads/229-parmar-hetal.pdf
3. https://deshgujarat.com/2022/09/12/one-year-of-bhupendra-patel-govt-in-gujarat-the-pledges-and-the-achievements/
4. https://www.bankingacademy.co.in/wp-content/uploads/2021/05/Gujarat-Nu-Budget-2021-22.pdf
5. http://globalgujarat.com/publication/20_01_1912_43_09_Global_gujarat_20-01-2019.pdf
6. https://core.ac.uk/download/pdf/11822005.pdf